DAY — **02** SEAT NUMBER

| 2020 | II | 20 | 1100 | J-303 | (G) |
|---|---|---|---|---|---|

# GUJARATI (03)

Time : 3 Hrs. (12 Pages) Max. Marks : 80

## [ વિદ્યાર્થિઓ માટે સૂચના ]

→ આકલન કૃતિ અને વ્યાકરણ કૃતિ માટે જ્યાં જરૂરી જણાય ત્યાં આકૃતિઓ દોરવી.

→ આકૃતિઓ પેનથી જ દોરવી, પેન્સિલથી નહિ.

→ આકૃતિમાંનું મજકૂર પેનથી જ લખવું.

→ જરૂરી જણાય ત્યાં ઉત્તર પૂર્ણ વાક્યમાં લખવા.

→ લેખન વિભાગમાંનાં નિવેદન કે સૂચના ફરીથી લખવા નહિ.

## વિભાગ - ૧ ગદ્ય (૨૦ ગુણ)

કૃતિ ૧. (અ) નીચેનો ગદ્યાંશ વાંચી આપેલી કૃતિ કરો.

(૧) યોગ્ય વિકલ્પ શોધી વિધાન પૂર્ણ કરો : (૨)

(૧) નેવું ટકા જેટલાં સંતાનો પરણીને .......

(અ) વિદેશ ચાલ્યા જાય.

(બ) ઘરમાં બેસી જાય.

(ક) તરત જ પોતાનો સંસાર માંડે.

(૨) ઓચિંતો રોબિન .......

(અ) ભસવા લાગ્યો.

(બ) બીમાર પડયો.

(ક) ખોવાઈ ગયો.

(૩) સંયુક્ત કુટુંબની - જોઈન્ટ ફેમિલીની પ્રથા .......

(અ) ત્યાં નામશેષ થઈ ગઈ છે.

(બ) વધી રહી છે.

(ક) ત્યાં કોઈ જાણતું નથી.

(૪) અમારી પડોશમાં .......

(અ) મિ. ડાઉનિંગ રહે.

(બ) સ્મિથ દંપતી રહે.

(ક) માર્ટિન દંપતી રહે.

અંગ્રેજ પ્રજામાં ત્રણ પ્રેમવળગણો મેં જોયાં. બાગનો ઉછેર, કૂતરાં-બિલાડાં પાળવાનો શોખ અને પક્ષીનિરીક્ષણનો કષ્ટસાધ્ય સ્વાધ્યાય.

યુરોપમાં કુટુંબજીવન છિન્નભિન્ન છે. સંયુક્ત કુટુંબની-જોઈન્ટ ફેમિલીની-પ્રથા ત્યાં નામશેષ થઈ ગઈ છે. માવતર, દીકરો, દીકરાની વહુ અને એમનાં બાળકો.. એ બધાં ભેગાં રહેતાં હોય એવું ભાગ્યે. જ-એટલે એના સાચા અર્થમાં, ભાગ્ય હોય તો જ બને. નેવું ટકા જેટલાં સંતાનો પરણીને તરત જ પોતાનો સંસાર માંડે. સ્વતંત્ર ઘરબાર વસાવે. ઘરનાં વડીલોનું જીવન પાછલી અવસ્થામાં કરુણ રીતે છિન્નભિન્ન અને એકલવાયું થઈ જાય. એ નિઃસહાય એકલતાનો અજંપો ખૂબ વસમો છે. એટલે એકાકી એ વૃદ્ધોનાં આળાં મન અને સંતાનસ્નેહનો ઝોક બાગઉછેર, કૂતરાંબિલાડાં જેવાં પ્રાણીઓ અને પક્ષીઓ ભણી ઢળતો હશે એવું મને લાગ્યું.

અંગ્રેજ પ્રજાના પુષ્પપ્રેમની થોડી વાત આપણે કરી. એ જ ઢબે કૂતરાંબિલાડાં ઉપર ત્યાં ગજબનું વહાલ વરસે. યુરોપમાં ઉંદરથી માંડીને

દીપડા જેવડા કદનાં, ઘાટઘાટનાં અને ભાતભાતનાં કૂતરાં જોયાં. નાના વાઘ જેવા હૃષ્ટપુષ્ટ ઘોઘર બિલાડાંયે જોયાં. સાંભળવાની ધીરજ અને જાણવાની જિજ્ઞાસા હોય તો પાળેલાં આ પ્રાણીઓની સાત પેઢીનો ઈતિહાસ એના માલિક તમને કહી શકશે.

અમારી પડોશમાં, સ્મિથદંપતી રહે. બંને નોકરિયાત. આધેડ વય વટાવી ચૂકેલાં. દીકરો પરણીને જૂદો રહે. જાણે દેવઘર હોય એવી આસ્થાથી બંને બગીચો જાળવે. સ્મિથબાઈ કામ પરથી આવે એટલે એનો ડાઘિયો કૂતરો રોબિન ઊછળીઊછળીને આંગણામાં એનું સ્વાગત કરે. ધૂળિયા પગ એના ફ્રોક પર મૂકીને ગેલ કરે. કોઈકોઈ વાર કપડાં બગાડેયે ખરો. દીકરો જાણે લડાઈમાંથી હેમખેમ પાછો આવ્યો હોય એવા સ્નેહથી મિસિસ સ્મિથ એને ગળે વળગાડે અને બકી દે. એ લોકો વેકેશન ગાળવા ફ્રાન્સ જવાનાં હતાં. રિઝર્વેશન બધે થઈ ચૂક્યાં હતાં. ઓચિંતો રોબિન બીમાર પડયો. સારું એવું નુકસાન કર્યું.

(૨) ઘટનાક્રમ પ્રમાણે વાક્યો ગોઠવો : (૨)

(૧) કોઈ કોઈ વાર કપડાં બગાડેયે ખરો.

(૨) સ્મિથબાઈ કામ પરથી આવે.

(૩) ધૂળિયા પગ એના ફ્રોક પર મૂકીને ગેલ કરે.

(૪) ડાઘિયો કૂતરો રોબિન ઊછળીઊછળીને આંગણામાં એનું સ્વાગત કરે.

(૩) નીચેના શબ્દોના સમાન અર્થવાળા શબ્દો ગદ્યાંશમાંથી શોધીને લખો : (૨)

(૧) પતિ-પત્ની ☐

(૨) શ્રધ્ધા ☐

(૩) ઉદ્યાન ☐

(૪) બેચેની ☐

(૪) કુટુંબજીવન વિશેના તમારા વિચારો લખો. (૨)

(બ) નીચેનો ગદ્યાંશ વાંચી આપેલી કૃતિ કરો.

(૧) આકૃતિ પૂર્ણ કરો : (૨)




પૂર્વી લેચ-કી વડે દરવાજો ખોલીને ઘરમાં ક્યારનીય આવી ગઈ હતી. પરંતુ ચર્ચામાં રત દંપતીનું એ તરફ ધ્યાન ન હતું. છેવટે પૂર્વી જ બોલી, 'મમ્મી તું આટલી ગુસ્સે થઈ શકે એની તો મને આજે જ ખબર પડી.' પછી એણે મનોજભાઈને ઉદ્દેશીને કહ્યું: 'પપ્પા, મને માફ કરજો. પણ મેં તમારી થોડી વાતો સાંભળી છે. હું એ વિશેનો મારો અભિપ્રાય જણાવવા માગું છું. ઘણા દિવસથી મારે પણ તમને એક વાત કહેવી હતી.'

'બોલ, શું કહેવું છે ?' મનોજભાઈએ આતુરતાથી પૂછ્યું. 'પપ્પા, મેં છોકરો શોધી લીધો છે.'

પૂર્વીના આ એક વાક્યથી સુમતિબહેન ડઘાઈ ગયા. મનોજભાઈનો ઉત્સાહ વધી ગયો.

'શું વાત કરે છે ? આવી ખુશીની વાત કહેવામાં રાહ જોવાની?'

'પપ્પા, બહુ અધીર ન થાઓ; કારણ કે બધું તમારા ધાર્યા મુજબનું નથી.'

'છોકરો પરજાતિનો છે ? પરધર્મી છે ? તને ગમે છે ને એટલે બસ.'

પૂર્વીએ વિનાસંકોચ કહ્યું. 'મને તો એ બહુ જ ગમે છે એને કોઈ જાતિ નથી, કોઈ ધર્મ નથી. એ માનવ છે એટલે માનવતા એનો

ધર્મ કહેવાય. આંખની રોશની ગયા પછી મારા જીવનમાં બધું સામાન્ય નિયમથી ઊંધું જ બને છે. જુઓ ને સંતાન મા-બાપની લાકડી બને એને બદલે મમ્મી મારી લાકડી બની છે. મારા નામ પાછળ આ છોકરાની અટક લાગવાને બદલે એના નામ પાછળ આપણી અટક લાગશે. એ માટે પપ્પા મારે તમારી મંજૂરી જોઈએ છે. એને હું દીકરા તરીકે લઉં એના કરતાં ભાઈ તરીકે દત્તક લેવાનું વધારે અનુકૂળ રહેશે. એને પિતાનું નામ પણ મળશે. મારી ઉમ્મરે, મને બાળક સહેલાઈથી દત્તક ન પણ મળે પરંતુ તમને આઠ વર્ષનો છોકરો દત્તકમાં જરૂર મળશે. આશ્રમના સામાજિક કાર્યકર શીલાબહેનને મેં બધું પૂછી રાખ્યું છે. પપ્પા પ્લીઝ, મને આટલી મદદ કરો.'

(૨) નીચેના વિધાનો ખરા છે કે ખોટા તે જણાવો : (૨)

(૧) પૂર્વી સાંકળ ખોલીને ઘરમાં ક્યારનીય આવી ગઈ હતી. ☐

(૨) પૂર્વીના આ એક વાક્યથી સુમતિબહેન ડઘાઈ ગયા. ☐

(૩) આશ્રમના સામાજિક કાર્યકર વનિતાબેન છે. ☐

(૪) પૂર્વીના જીવનમાં સામાન્ય નિયમ પ્રમાણે જ બધું બને છે. ☐

(૩) ગદ્યાંશમાં આવતા જોડાક્ષરો શોધીને લખો : (૨)

(૪) બાળકને દત્તક લેવા વિશેનો તમારો મત જણાવો. (૨)

(ક) નીચેના પ્રશ્નોનાં ૧૦૦ થી ૧૨૦ શબ્દોમાં જવાબ લખો. (કોઈપણ એક) (૪)

(૧) વિદ્યાર્થી હિલેલના જીવનની ઘટનાનું આલેખન કરો.


(૨) 'આંટી' શીર્ષકની યથાર્થતા સ્પષ્ટ કરો.

(૩) ઈન્ફોસિસ કંપની વિશે 'નારાયણમૂર્તિ' પાઠને આધારે માહિતી લખો.

## વિભાગ - ૨ પદ્ય (૧૬ ગુણ)

કૃતિ ૨. (અ) નીચેનો પદ્યાંશ વાંચી આપેલી કૃતિ કરો.

(૧) આકૃતિ પૂર્ણ કરો : (૨)




વ્હાલા, અમૃત ભોજનિયાં આજ જમાડ્યાં અમને રે,
હવે વિખડાં ઘોળી મ પાઓ, ઘટે નહિ તમને રે.
વ્હાલા, પ્રેમ-પછેડો આજ, ઓઢાડ્યો અમને રે,
હવે દઈને પાછો ન લિયો, ઘટે નહિ તમને રે.
વ્હાલા, કુંજ-ગલનમાં રાસ રમાડ્યાં અમને રે,
હવે તજીને ચાલ્યા જાઓ, ઘટે નહિ તમને રે.
વ્હાલા ભલે મળ્યા ભગવાન કે દરસન દીધાં રે,
એમ બોલ્યાં મીરાંબાઈ, કે પ્રેમરસ પીધાં રે.

(૨) અર્થને અનુરૂપ પંક્તિ શોધીને લખો : (૨)

(૧) તમે અમને છોડીને ચાલ્યા નહિ જાઓ.

(૨) પ્રભુ મળ્યા અને દરસન આપ્યા.

(૩) તમે અમને ઝેર પાઓ એ શોભતું નથી.

(૪) દઈને પાછુ લેવામાં તમારી શોભા નથી.

(૩) આડાઅવળા અક્ષરો ગોઠવીને અર્થપૂર્ણ શબ્દ બનાવો : (૨)

| વાગનભ | નેજીત | રામીઈબા | સરનદ |
| --- | --- | --- | --- |

(૪) આપેલ પદ્યાંશનો રસાસ્વાદ કરાવો. (૨)

(બ) નીચેનો પદ્યાંશ વાંચી આપેલી કૃતિ કરો.

(૧) કોષ્ઠક પૂર્ણ કરો : (૨)

| | |
| --- | --- |
| | → |
| | → |
| સ્વદેશી દ્વારા કરાતા કાર્યો → | → |
| | → |
| | → |

હશે તે કદાપી બહુ લક્ષ્મિવાળો,
વડો વૈભવી રાજવી ને રુપાળો;
તથાપી ન તેને વિવેકી વખાણે,
ભરે પેટ તે કાગકીડા પ્રમાણે.
સ્વદેશી વડો દેશિનાં દુ:ખ ટાળે,
હજારો જનોને સદા જેહ પાળે,
વળી લોકકલ્યાણમાં લાભ લેખે,
પુરા પ્રેમથી કોણ તેને ન પેખે ?
નથી વિદ્વતા વાપરી દેશદાઝે,
નથી વાપરી પાઇ જો લોક કાજે,
નથી કામ કીધાં સ્વદેશાભિમાની,
વૃથા જન્મ ખોયો, કરી શી કમાણી ?
વિદેશે વસીને ઘણો કાળ ગાળી,
સ્વદેશે ગયો જે ભલો ભાગ્યશાળી;
વિયોગી સગાં ભૂમિને ભેટિ ભાવે,
કહો કોણને હર્ષનાં આંસુ નાવે ?

(૨) યોગ્ય જવાબ લખો : (૨)

★ વૃથા જન્મ ખોવાના કારણો < ..........
..........

★ ભાગ્યશાળીના લક્ષણો < ..........
..........

(૩) પ્રાસવાળા શબ્દ શોધીને લખો. (૨)

| લખે | વખાણે | ભાવે | પાળે |
|---|---|---|---|
| ↓ | ↓ | ↓ | ↓ |
| ....... | ....... | ........ | ....... |

(૪) તમારા દેશ માટે તમે કરવા ઇચ્છતા કાર્યો વિશે લખો. (૨)

## વિભાગ - ૩ વિશેષ વાચન (૬ ગુણ)

કૃતિ ૩. **નીચેનો ગદ્યાંશ વાંચી આપેલી કૃતિ કરો.**

(૧) વાંચો વિચારો અને લખો : (૨)

★ મહાદેવભાઈ વિષે કથન ........

(૧) ગાંધીજી દ્વારા — .........

(૨) સરોજિની દ્વારા — .........

(૩) સુશીલા દ્વારા — .........

(૪) મીરા દ્વારા — .........

ખુદ ગાંધીજીયે આ જ વાતને પોતાની ઢબે કહી,

'મહાદેવનું બલિદાન કંઈ નાનીસૂની વાત નથી, તે એકલું પણ બધું કામ કરશે. મહાદેવે 'કરેંગે યા મરેંગે'નું સંપૂર્ણપણે આચરણ કર્યું. આ બલિદાન હિંદની મુક્તિનો દિવસ નજીક લાવ્યા વિના નહીં રહે.'

ચિતા ઠાર્યા બાદ પાછા ફર્યા ત્યાર પછી મહિનાઓ સુધી આગાખાન મહેલમાં રહેલી આ જાણીતા કેદીઓની મંડળીમાં વાતોનો વિષય એક જ હતો- મહાદેવ. એ વાતોમાં મહાદેવભાઈના જીવનનાં બંને પાસાંઓ- યોગી અને દેશભક્તનો સમાવેશ થતો હતો.

સુશીલાએ યાદ દેવડાવ્યું કે, 'સદાય પ્રફુલ્લવદન રહેતા મહાદેવભાઈ આગાખાન મહેલમાં આવ્યા પછી ખૂબ ગંભીર રહેતા હતા.' મીરાંએ કહ્યું કે, 'બાપુના ઉપવાસના નિશ્ચયનો બોજો એમને અકળાવી રહ્યો

હતો.' સરોજિનીએ કહ્યું કે, 'ક્યારેય કોઈએ બીજાને માટે જીવન આપ્યું હોય તો તે મહાદેવે. ઈશુ ભગવાનની પેઠે બીજા લાંબું જીવી શકે એટલા સારુ તેઓ મર્યા. માણસ બીજાને માટે પોતાના પ્રાણ અર્પણ કરે તેના કરતાં એક માણસ બીજાની શી વધારે સેવા કરે?'

આગાખાનમહેલમાં મીરાંબહેને સમાધિને સ્થાને માટીને ચોતરો બનાવીને એની ઉપર શંખલા વડે મોટો ૐ અક્ષર લખ્યો. લંબચોરસ ચોતરાને ચાર ખૂણે તેમણે ચાંદ-તારાનાં ચિહ્નો અંકિત કર્યાં, અને નીચલા ભાગમાં વચ્ચોવચ ચીતર્યો એક ક્રૉસ. કસ્તૂરબાએ આ સ્થળને 'મહાદેવ મંદિર' નામ આપ્યું. અને ગાંધીજીએ સવાર-સાંજ સમાધિ પર આવી ત્યાં ફૂલ ચડાવી, ગીતાનો બારમો અધ્યાય બોલવાનો ક્રમ શરૂ કર્યો. તેમણે કહ્યું, 'મહાદેવનું જીવન એટલે ભક્તિનું અખંડ કાવ્ય.' એને સ્મરવા સારુ ભક્તિયોગના શ્લોકો જ કામ લાગે ને ?'

(૨) આકૃતિ પૂર્ણ કરો : (૨)

અક્ષર ........
ખૂણે ........
મહાદેવભાઈનો ચોતરો
નામ ........
વચ્ચોવચ ........

(૩) મહાદેવભાઈના વ્યક્તિત્વ વિશે નોંધ લખો. (૨)

## વિભાગ - ૪ વ્યાકરણ (૧૦ ગુણ)

**કૃતિ ૪. સૂચના પ્રમાણે કરો.**

(અ) કાળ પરિવર્તન કરો. (૩)

(૧) આ વિસ્તાર તો નકરો વગડો છે. (ભૂતકાળ)

(૨) હંસ દૂધ અને પાણી નીરક્ષીર જુદા પાડી શકશે. (વર્તમાનકાળ)

(૩) આધાર આપતી ભોંય એ જ છે. (ભવિષ્યકાળ)

(બ) યોગ્ય રીતે જોડો : (૩)

| 'અ' રૂઢિપ્રયોગ | 'બ' અર્થ |
|---|---|
| (૧) ધૂળમાં મળવું | (અ) લગ્ન લેવાવા |
| (૨) મન મોટું રાખવું | (બ) વ્યર્થ જવું |
| (૩) તોરણ બંધાવવા | (ક) ઉદારતા દાખવવી |
| | (ડ) પસંદ પડવું |

(ક) વિશેષણ બનાવો : (૨)

(૧) વૈભવ — ☐

(૨) દર્શન — ☐

(૩) નિયમ — ☐

(૪) અંધાર — ☐

(ડ) યોગ્ય સંધિવિગ્રહ શોધીને લખો : (૨)

(૧) વિદ્યાર્થી — ☐

(અ) વિ + અર્થી (બ) વિ + ધ્યાર્થી (ક) વિદ્યા + અર્થી

(૨) પરાધીન — ☐

(અ) પર + આધીન (બ) પ + અધીન (ક) પરા + ધીન

(૩) હર્ષોલ્લાસ — ☐

(અ) હ + ઉલ્લાસ (બ) હર્ષો + ઉલ્લાસ (ક) હર્ષ + ઉલ્લાસ

(૪) સ્વાગત — ☐

(અ) સુ + આગત (બ) સ્વ + આગત (ક) સ + વગત

## વિભાગ - ૫ લેખન કૌશલ્ય (૨૮ ગુણ)

**કૃતિ ૫.** (અ) કોઈપણ એક વિષય પર નિબંધ લખો. (૮)

(૧) એક બાળ - એક ઝાડ

(૨) નારી તુ ન હારી


(૩) સત્કર્મ એ જ સાચું કર્મ

(બ) ગુજરાતી ભાષાના પ્રશ્નપ્રત્રની નવી પધ્ધતિ વિશેના તમારા વિચારો જણાવતો પત્ર મિત્રને લખો. (૫)

કૃતિ ૬. (અ) નીચેનો ગદ્યાંશ વાંચી પાંચ પ્રશ્નો તૈયાર કરો. (૫)

જીવતી ભાષા ધબકારા મારતી પ્રાણવાન વસ્તુ છે. તે નિરંતર બદલાય છે, નિરંતર વિકાસ પામે છે, અને તે બોલનારા અને લખનારા લોકોનું પ્રતિબિંબ પાડે છે. તેનાં મૂળ જનસમૂહમાં રહેલાં છે. તેની ઈમારત ભલે ખોબા જેટલા સંસ્કારની દ્યોતક હોય એટલે આપણે એને ઠરાવો પડે કે ઉપરથી આવતા હુકમો વડે આપણી મનસૂફી પ્રમાણે કેવી રીતે બદલી શકીએ ? અને છતાં હું એક એવો ખ્યાલ પુષ્કળ ફેલાયેલો જોઉં છું કે આપણે માત્ર ઈચ્છા કરીએ તો ભાષાને અમુક ઢબે હાલવાચાલવાની ફરજ પાડી શકીએ. આજના જમાનામાં સમાચારપત્રો, છાપેલા પુસ્તકો, સિનેમા અને રેડિયો વાટે વિશાળ પાયા પર લોકોમાં કેળવણી ફેલાઈ રહી છે અને લોકોમાં પ્રચાર ચાલી રહ્યો છે. એટલે ભૂતકાળ કરતાં આજે ભાષામાં ફેરફાર ઘણી વધારે ઝડપથી કરી શકાય એ વાત સાચી. કોઈ ભાષા જો પ્રજા સાથેનો સંપર્ક ગુમાવી બેસે તો તે પોતાની જીવનશક્તિ ખોઈ બેસે; અને તે ચેતનશક્તિ ને આનંદભરેલી હોવી જોઈએ તેને બદલે કૃત્રિમ નિર્જીવ થઈ પડે. કોઈ ભાષાના વિકાસને અમુક દિશાએ બળજબરીથી વાળવાનો પ્રયત્ન થાય, તો સંભવ છે કે એને પરિણામે એ ભાષા વિકૃત રૂપ ધારણ કરે ને તેનો પ્રાણ કચડાઈ જાય.

(બ) આપેલી માહિતીને આધારે જાહેરાત તૈયાર કરો. (૫)



(ક) નીચેના અંગ્રેજી વાક્યોનું ગુજરાતીમાં ભાષાંતર કરો. (૫)

(1) We play cricket everyday.

(2) I am getting late for school.

(3) The old people have answer to lots of problems.

(4) Why are you talking so loudly?

(5) You may leave now if you wish.

◆◆◆